દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૭ ફેબ્રુઆરી, ૨૦૨૬

# કેન્દ્રીય બજેટ બાદ મધ્યમવર્ગને આરબીઆઈનો વધુ એક રેપોરેટ નહીં ઘટાડી ફટકો

બજેટમાં મધ્યમવર્ગને લાભ થયો નથી અને હવે આરબીઆઈએ પણ રેપોરેટ યથાવત રાખતાં લોકોના લોનના હપ્તા ઘટશે નહીં. જે રીતે બજેટ રજૂ થયું અને ફુલગુલાબી બજેટના આંકડાઓ રજૂ થયાં તે જોતાં એવું મનાતું હતું કે, કદાચ આરબીઆઈ દ્વારા પણ જીડીપીનો વધારો જોતાં રેપોરેટમાં રાહત આપવામાં આવે પરંતુ તેવું થયું નથી. જેને પગલે મધ્યમવર્ગ નિરાશ થયો છે. ભારતમાં મધ્યમવર્ગ મોટાભાગે લોન પર જ ચાલે છે. હાઉસિંગ લોનથી માંડીને એજ્યુકેશન લોન લઈને મધ્યમવર્ગ દ્વારા તેના હપ્તાની જ આખી જિંદગી જોગવાઈ કરવામાં આવે છે. અગાઉ આરબીઆઈએ ધીરેધીરે રેપોરેટમાં મોટો વધારો કરી નાખ્યો હતો. જેને કારણે લોનના હપ્તામાં મોટો વધારો થઈ ગયો હતો. જેનો વધારો થયો નહોતો તેની લોનની રકમ વધી ગઈ હતી. મધ્યમવર્ગ એજ આશામાં હતો કે ક્યારે રેપોરેટ ફરી અગાઉની જેમ ઘટે.

ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતી દ્વારા દર બે મહિને બેઠકો કરવામાં આવે છે. છેલ્લે ડિસેમ્બર, 2025માં આ બેઠક કરવામાં આવી હતી અને હાલમાં ફરી બેઠક મળી હતી. ત્રણ દિવસ બેઠક ચાલ્યા બાદ આરબીઆઈ દ્વારા રેપોરેટની જાહેરાત કરવામાં આવે છે. હાલમાં પણ રેપોરેટ માટેની બેઠક ત્રણ દિવસ ચાલી હતી અને શુક્રવારે આરબીઆઈ દ્વારા સર્વાનુમતે રેપોરેટ અંગે નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં રેપોરેટ 5.25 ટકા પર યથાવત રાખવામાં આવ્યો છે. આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે ફુગાવો નિયંત્રણમાં છે અને ભારતીય અર્થતંત્ર મજબૂત સ્થિતિમાં છે. તેમણે સમજાવ્યું કે દેશમાં વૃદ્ધિ મજબૂત છે, જ્યારે ફુગાવો પણ નિયંત્રણમાં છે. આને ધ્યાનમાં રાખીને, આરબીઆઈએ વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી અને નાણાકીય નીતિ સમિતિનું વલણ તટસ્થ રાખવામાં આવ્યું છે.

આ ચાલુ નાણાકીય વર્ષ 2026 ની પ્રથમ નાણાકીય નીતિ બેઠક હતી. હવે નવી બેઠક એપ્રિલ માસમાં યોજાશે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા અને ટેરિફ યુદ્ધો વચ્ચે આર્થિક વિકાસને ટેકો આપવા માટે આરબીઆઈ સતત રેપો રેટમાં ઘટાડો કરી રહ્યું હતું. જોકે, અમેરિકા સાથે ટ્રેડ ડીલ થયા બાદ આરબીઆઈએ રેપોરેટ ઘટાડવાનું મુનાસીબ માન્યું નથી. આરબીઆઈએ રેપોરેટ નહીં ઘટાડવા માટે બજેટનો સહારો લીધો પરંતુ વાસ્તવિકતા એ છે કે બજેટમાં મધ્યમવર્ગ માટે કશું જ નથી. બજેટમાં એવું પરોક્ષ રીતે પણ નથી કે જેનાથી મધ્યમવર્ગને રાહત થાય. આ સંજોગોમાં આરબીઆઈ દ્વારા રેપોરેટ નહીં ઘટાડવાનું વલણ સમજી શકાય તેવું નથી. રેપોરેટ ઘટે તો લોનના વ્યાજ અને હપ્તા ઘટે અને જો તેમ થાય તો મધ્યમવર્ગ પાસે નાણાં બચે. પરંતુ આરબીઆઈ તેવું ઈચ્છતું નથી તેવું તેની જાહેરાતો પરથી સાબિત થાય છે. આરબીઆઈએ જો રેપોરેટ ઘટાડ્યો હોત તો કેન્દ્ર સરકારનું બજેટ મધ્યમવર્ગ માટે ફાયદાકારક છે તેવો દાવો ખોટો સાબિત થયો હોત.

આરબીઆઈ દ્વારા રેપોરેટની સાથે એસડીએફ (સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી) અને એમએસએફ (માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી)નો દર અનુક્રમે 5 અને 5.50 ટકાનો યથાવત રાખવામાં આવ્યો છે. ગત વર્ષે 2025માં આરબીઆઈએ ચાર વખત રેપોરેટ ઘટાડ્યો હતો. જોકે, 2026માં આરબીઆઈએ પહેલી જ મીટિંગમાં એવા સંકેત આપી દીધા છે કે રેપોરેટ ઘટશે નહીં.

હવે એપ્રિલ માસમાં મળનારી મીટિંગમાં આરબીઆઈ દ્વારા રેપોરેટ ઘટે છે કે નહીં તે મહત્વનું છે. એ કમનસીબી છે કે ભારતમાં મધ્યમવર્ગનો હાથ પકડનારૂં કોઈ નથી. આરબીઆઈ પણ અનુમાનો પર ચાલે છે તે નક્કી છે.

# સુપ્રીમ કોર્ટમાં દલીલ : મમતા બેનરજીનો રાજકીય આવિષ્કાર

નરેન્દ્ર મોદીને અને અમિત શાહની જોડીને રાજકીય રીતે ટક્કર આપે એવા કોઈ વિપક્ષમાં હોય તો એ એક માત્ર મમતા બેનરજી છે. બંગાળની 'વાઘણ' ગણાતાં મમતાજીને ભાજપ માત કરી શકતો નથી. ત્રણ ટર્મથી મુખ્યમંત્રી છે અને ચોથી વાર ચૂંટણી લડવા જઈ રહ્યાં છે. આ માસમાં જ ચૂંટણીની જાહેરાત થઈ શકે છે અને ભાજપે અગાઉ પણ પ્રયત્નો કર્યા છે અને હજુ કરી રહી છે પણ સફળતા મળવી બાકી છે. હા, ડાબેરીઓ અને કોંગ્રેસનો સફાયો થયો છે અને એ સ્થાનમાં ભાજપે સ્થાન જરૂર મેળવ્યું છે પણ સત્તા મળતી નથી. ટીએમસીમાં ઘણી તોડફોડ કરી અને મમતાનાં સાથીઓ સામે કેસ કર્યા. છેલ્લે મમતાની રાજકીય એજન્સીમાં દરોડા પડ્યા અને મમતાએ ત્યાં જઈ જે રીતે પક્ષને લગતી ફાઈલો કબજે કરી એ દૃશ્ય અભૂતપૂર્વ હતું. એ કાયદાની દૃષ્ટિએ યોગ્ય છે કે કેમ એ મુદ્દે કેસ થયો જ છે પણ મમતા એસઆઈઆરના મુદ્દે ખુદ કોર્ટમાં હાજર રહ્યાં અને દસ બાર મીનીટ દલીલો કરી એ દૃશ્ય તો એકદમ અનોખું છે અને આમ કરી મમતાએ એકસાથે ઘણાં તીર મારી દીધાં છે.

રાજકારણમાં નવતર પ્રયોગો માટે નરેન્દ્ર મોદી જાણીતા છે. ચાય પે ચર્ચાથી માંડી મન કી બાત સુધી એમણે અનેક સફળ પ્રયોગ કર્યા છે. મમતા પણ રાજકીય આવિષ્કાર માટે જાણીતાં છે. ભારતીય રાજકારણમાં જ્યારે કોઈ દિગ્ગજ નેતા પ્રસ્થાપિત પદ્ધતિઓ છોડીને સીધા જ મેદાનમાં ઊતરે, ત્યારે તે માત્ર કાયદાકીય લડત નથી રહેતી પણ એક મોટો 'રાજકીય સંદેશ' બની જાય છે. સામાન્ય રીતે વકીલો કોર્ટમાં ટેકનિકલ ભાષામાં વાત કરે છે, જે સામાન્ય માણસને સમજાતી નથી. મમતા બેનરજીએ સુપ્રીમ કોર્ટમાં જઈને ન્યાય દરવાજા પાછળ રડી રહ્યો છે જેવી વાત કરી. આ ભાષા કોર્ટની સાથે સાથે સીધી બંગાળની જનતાનાં હૃદય સુધી પહોંચે છે. તેઓ સાબિત કરવા માંગે છે કે તમારા મતાધિકાર માટે હું પોતે સુપ્રીમ કોર્ટમાં લડી રહી છું.

અત્યાર સુધી નેતાઓ પ્રેસ કોન્ફરન્સ કે રેલીઓમાં ચૂંટણી પંચની ટીકા કરતાં હતાં. મમતા બેનરજીએ આ લડતને રસ્તા પરથી ખસેડીને કોર્ટરૂમમાં લાવી દીધી. જ્યારે મુખ્યમંત્રી પોતે હાજર હોય, ત્યારે સિસ્ટમ અને એજન્સીઓ પર દબાણ અનેકગણું વધી જાય છે.

રાજકારણમાં આવિષ્કાર એ છે કે તમે તમારી જાતને કેવી રીતે રજૂ કરો છો. કોર્ટમાં ઊભાં રહીને તેમણે એવો માહોલ બનાવ્યો કે જાણે આખા રાજ્ય સાથે અન્યાય થઈ રહ્યો છે. આનાથી તેમનાં કાર્યકરોમાં નવો ઉત્સાહ આવે છે અને વિપક્ષો માટે વળતો પ્રહાર કરવો અઘરો બની જાય છે. ઉપરાંત, પોતાની જૂની ડિગ્રીનો ઉપયોગ કરીને 'પાર્ટી લીડર' માંથી 'લીગલ ફાઈટર' બનવું એ માસ્ટરસ્ટ્રોક છે. આનાથી તેમની છબી એક બૌદ્ધિક અને કાયદાના જાણકાર નેતા તરીકે ઊભી થાય છે, જે માત્ર ભાષણો નથી આપતાં પણ કાયદેસરની લડત પણ જાણે છે. જ્યારે કોઈ મુખ્યમંત્રી કોર્ટમાં ઊભાં રહે છે ત્યારે તે સમાચારની 'હેડલાઈન' નક્કી કરે છે. આ એક એવી વ્યૂહરચના છે જેમાં એમણે કરોડો રૂપિયાનું 'રાજકીય માર્કેટિંગ' પણ કરી લીધું.

આ કેસમાં સુપ્રીમ કોર્ટ જે ચુકાદો આપે એ, ચૂંટણીમાં વિલંબ પણ થઈ શકે છે પણ મમતાએ જે કરવું હતું, જે કર્યું છે એનાથી એમને જે મળવું જોઈતું હતું એ મળી ચૂક્યું છે. કદાચ ભાજપે આવું વિચાર્યું જ નહિ હોય. આનો જવાબ આપવો કેમ? એ વાત પણ ભાજપને સતાવે એ સ્વાભાવિક છે. એસઆઈઆરમાં સમસ્યાઓ છે અને એની પાછળ કોઈ હેતુ છે, એમાં કોઈક દમ છે એ વાત મમતા લોકોના દિમાગમાં ઠસાવી દેવામાં સફળ રહ્યાં છે.

તેમણે કોર્ટમાં પૂછ્યું કે, ફક્ત બંગાળને જ કેમ ટાર્ગેટ કરવામાં આવે છે? આસામ કે અન્ય રાજ્યોમાં આવું કેમ નથી થતું? ભાવુક અપીલ કરતાં મમતા બેનરજીએ કોર્ટમાં કહ્યું, અમને ક્યાંય ન્યાય મળી રહ્યો નથી, ન્યાય દરવાજા પાછળ રડી રહ્યો છે. તેમણે ચૂંટણી પંચને 'વોટ્સએપ આયોગ' ગણાવ્યું અને કહ્યું કે પંચ તેમની ફરિયાદોનો જવાબ આપતું નથી. મમતાના આવિષ્કારથી પ. બંગાળમાં આ મુદ્દે ભાજપને ધક્કો લાગી શકે છે.

### મણીપુરમાં નવી સરકાર સામે પડકારો

મણીપુરમાં ત્રણ વર્ષથી જાતીય હિંસા ચાલે છે. હજારો પરિવારો આજેય રાહત કેમ્પમાં રહે છે. ભાજપ સરકાર આ હિંસા રોકવામાં નિષ્ફળ રહી અને આખરે બીરેનસિંહનું રાજીનામું લેવાયું અને રાષ્ટ્રપતિ શાસન આવ્યું. એના એક વર્ષ બાદ ભાજપે નવી સરકાર રચી છે પણ એની સામે એક નહિ અનેક

**રાજ્યોની વણઝાર**

**કૌશિક મહેતા**

> **રાજકારણમાં નવતર પ્રયોગો માટે નરેન્દ્ર મોદી જાણીતા છે. ચાય પે ચર્ચાથી માંડી મન કી બાત સુધી એમણે અનેક સફળ પ્રયોગ કર્યા છે. મમતા પણ રાજકીય આવિષ્કાર માટે જાણીતાં છે. ભારતીય રાજકારણમાં જ્યારે કોઈ દિગ્ગજ નેતા પ્રસ્થાપિત પદ્ધતિઓ છોડીને સીધા જ મેદાનમાં ઊતરે, ત્યારે તે માત્ર કાયદાકીય લડત નથી રહેતી પણ એક મોટો 'રાજકીય સંદેશ' બની જાય છે**

પડકારો છે. યુમનામ ખેમચંદસિંહ ભાજપના વરિષ્ઠ નેતા અને રાજ્ય વિધાનસભાના પૂર્વ સ્પીકર યુમનામ ખેમચંદસિંહે મણિપુરના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. તેઓ 'મૈતેઈ' સમુદાયમાંથી આવે છે અને તેમને કુકી ધારાસભ્યોનો પણ ટેકો મળ્યો હોવાનું મનાય છે. રાજ્યમાં વંશીય સંવાદિતા સ્થાપવા માટે ભાજપે 'એક સીએમ અને બે ડેપ્યુટી સીએમ' ની ફોર્મ્યુલા અપનાવી છે. નેમચા કિપગેન તેઓ કુકી-ઝો (Kuki-Zo) સમુદાયના અગ્રણી નેતા છે. મણિપુરના ઈતિહાસમાં તેઓ પ્રથમ મહિલા નાયબ મુખ્યમંત્રી બન્યાં છે અને લોસી દિખો કે જે તેઓ નાગા સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે અને નાગા પીપલ્સ ફ્રન્ટના નેતા છે.

ગુજરાતની જેમ જ એન. બીરેનસિંહને નવી કેબિનેટમાં કોઈ સ્થાન આપવામાં આવ્યું નથી. તેમની જગ્યાએ ખેમચંદસિંહને સર્વસંમતિથી પસંદ કરવામાં આવ્યા છે જેથી રાજ્યમાં શાંતિપ્રક્રિયાને વેગ મળી શકે. પણ નવી સરકાર સામે સૌથી મોટો પડકાર મૈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે શાંતિ સ્થાપવાનો અને વિસ્થાપિત થયેલાં ૬૦,૦૦૦ થી વધુ લોકોનું પુનઃવસન કરવાનો છે. નવી શાંતિ યોજનામાં બધાનો સમાવેશ ઉપરાંત કેન્દ્ર સરકારે સશસ્ત્ર જૂથો સાથે નવી શરતો સાથે શાંતિકરાર કર્યા છે એ મુજબ ઉગ્રવાદી જૂથોના કેમ્પોને હાઈ વે અને રહેણાંક વિસ્તારોથી દૂર ખસેડવામાં આવશે જેથી સામાન્ય જનતામાં ભય ઓછો થાય. જૂથો પાસે રહેલાં હથિયારો હવે સેન્ટ્રલ ફોર્સની દેખરેખ હેઠળનાં સુરક્ષિત કેન્દ્રોમાં રાખવામાં આવશે. ઉપરાંત, પહાડી અને મેદાની વિસ્તારો વચ્ચેના 'બફર ઝોન' માં સેન્ટ્રલ ફોર્સની તૈનાતી ચાલુ રહેશે, પરંતુ ધીમે ધીમે લોકલ પોલીસને પણ સામેલ કરવામાં આવશે. રાહત શિબિરોમાં રહેતાં અંદાજે ૬૦,૦૦૦ લોકોને સુરક્ષિત રીતે તેમના મૂળ સ્થાને પરત મોકલવા માટે 'ટાઈમ-બાઉન્ડ' પ્લાન તૈયાર કરાયો છે પણ આ યોજના અમલી બને એ જરૂરી છે. એક વાતની નોંધ લેવી રહી કે, ભાજપની છેલ્લાં વર્ષોમાં જે રાજ્યોમાં સરકાર બની ત્યાં બે નાયબ મુખ્યમંત્રી રાખવાનો વ્યૂહ હવે કાયમી બની ગયો છે. એ દર્શાવે છે કે, ભાજપે પક્ષમાં અને સાથીઓમાં ગરબડ ના થાય એ માટે રાજકીય સમાધાનો કરવા પડી રહ્યાં છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## જીવનનો સાર



એક વાર બાદશાહ અકબરે દરબારમાં વિચિત્ર શરત મૂકી. બાદશાહે ફરમાન કર્યું કે, ''મારે એકદમ ટૂંકમાં જીવનનો સાર સમજવો છે. જીવનમાં આનંદિત રહેવા અને અન્યને ખુશી આપવા જીવન કેવી રીતે જીવવું જોઈએ તે મને એકદમ ઓછા શબ્દોમાં જણાવો. તે વાર્તા હોય, ઉખાણું હોય, કવિતા હોય, પ્રશ્નોત્તરી હોય કે ઉપદેશાત્મક લખાણ પણ એકદમ ટૂંકમાં હોવું જરૂરી છે.'' દરબારમાં સોપો પડી ગયો. આખા જીવનની ખુશીનો સાર ઓછા શબ્દોમાં કઈ રીતે સમજાવવો?

એક વિદ્વાન હિંમત કરી ઊભા થયા અને કહ્યું, '' બાદશાહ સલામત, મને એક મહિનાની મહેતલ આપો. હું એક નાનકડી પુસ્તિકામાં જીવનનો સાર સમાવી આપીશ.'' બાદશાહે હા પાડી. એક લેખક ઊભા થયા. તેમણે કહ્યું, ''બાદશાહ સલામત, મને એક અઠવાડિયાનો સમય આપો. હું ચાર પાનાંના નિબંધમાં જીવનનો સાર લખી આપની સમક્ષ રજૂ કરીશ.'' કોઈકે કહ્યું, '' હું એક કવિતામાં બે દિવસમાં જીવનનો સાર સમજાવીશ.'' બાદશાહે બધાને હા પાડી.

અકબર બાદશાહે દરબારમાં ચારે બાજુ નજર દોડાવી કે બીરબલ ક્યાં છે? બીરબલ એક ખૂણામાં એક કાગળ પર કંઈક લખી રહ્યા હતા. બાદશાહે પૂછ્યું, '' બીરબલ શું લખે છે?'' બીરબલે કહ્યું, '' જીવનનો સાર... આનંદિત રહેવું અને આનંદ આપવાનું રહસ્ય''... બાદશાહે કહ્યું, '' એ કઈ રીતે શક્ય છે? આટલા અઘરા વિષય પર તું હમણાં ને હમણાં એક નાનકડા કાગળ પર શું લખી રહ્યો છે?''

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

બીરબલે કાગળ રાજાના હાથમાં આપ્યો. તેમાં ચાર પ્રશ્નો અને તેના જવાબ હતા અને નીચે લખ્યું હતું કે આમ જીવો તો જીવન આનંદ સફળ રહે. અકબર બાદશાહ તો પ્રશ્નો વાંચીને એકદમ આનંદિત થઈ ગયા. પત્ર પર લખેલા ચાર પ્રશ્નો હતા.

પહેલો પ્રશ્ન હતો કે કઈ વસ્તુ જીવનમાં કોઈને આપવી નહીં? જવાબ હતો ''દગો અને તકલીફ.'' બીજો પ્રશ્ન હતો કે કઈ વસ્તુ બીજાને આપતાં જ રહેવું જોઈએ? જવાબ તો ''ક્ષમા અને સ્મિત.''ત્રીજો પ્રશ્ન હતો કે કઈ વસ્તુ કોઈ પાસે માંગવી નહીં? જવાબ હતો 'ઉધાર.'ચોથો પ્રશ્ન હતો કે કઈ વસ્તુ કોઈને માંગ્યા વિના આપવી નહીં? જવાબ હતો ''વણમાગી સલાહ'' અને પછી નીચે લખ્યું હતું કે ઉપર લખેલા આ ચાર પ્રશ્નોના જવાબ પ્રમાણે જો જીવીએ તો જીવનમાં આનંદ જ આનંદ મળે. બાદશાહ ખુશ થઈ ગયા. પ્રશ્ન લખેલા કાગળને પોતાની પાસે રાખ્યો અને તેની વિગત તામ્રપત્રમાં કોતરાવીને તેમણે દરબારમાં લગાડાવી અને બીરબલને ચાર પ્રશ્ન માટે ચાર હજાર સોનામહોર ભેટ આપી.

# AI ચેટબોટ જીવનની મૌલિકતા ઝૂંટવી લીધી છે?

આજની પેઢીના માવવર ગામડાંઓમાં રહેવા. ખેતીવાડી - પશુપાલન જીવન નિર્વાહતા માધ્યમો હતા. ઝાઝી અપેક્ષા નહિ તેથી સુખેથી જીવતાં. ચૂલા પર, માટીના વાસણોમાં સાદું ભોજન બનાવી સાથે વાળુ કરતાં. ઊઘાડા પગે, ધૂળિયા માર્ગે માઈલો સુધી ચાલતા. બળદ ગાડા વાળા ધનવાન ગણાતા! નદી- તળાવમાં ઢબુકા મારતા. બળબળતી બપોરે, ઝાડ નીચે અને રાત્રે ખુલ્લા આકાશ નીચે, ઓસરીમાં ખાટલા ઢાળી સૂતા. એકબીજાને રૂબરૂ મળતા. ચા, બીડી, લુખીયું તેને માટે જીવનનું અમૃત ગણાતું. સ્ત્રીઓ તળાવ કાંઠે આવેલા કૂવે પાણી ભરવા, લુગડાં ધોવા જતી. બાળકો શેરીમાં, તળાવ કાંઠે કે ગોચરમાં સાદી, શારીરિક રમતો રમતાં, લડતાં-ઝઘડતાં, ફરી ભેગાં મળી રમતાં મદારીના ખેલ જોતાં. લગ્ન પ્રસંગે સાથે મળી, ભોજન બનાવી, યજમાન પડોશીનો ભાર હળવો કરતાં. દુઃખદ પ્રસંગે સાચા દિલથી શાંત્વના આપતા. પ્રાર્થના કરતાં. તે દિવસે જમવાનું ટાળતાં. આવી ' એમ્પથી ' દાખવતાં. ખેતીના પાકની લણણીમાં કે મજૂરી કામમાં પૈસાને બદલે ભાગ્યું કરતાં. વહેંચીને શુકૂનથી ખાતા. આનંદ, સંતોષથી જીવતાં અને બીજાને જીવવા દેતાં. પ્રકૃતિ સાથેનો જીવંત નાતો અજોડ, અદ્દભુત જાળવી રાખતા. સાચા અર્થમાં ' ધરતીપુત્રો ' બની રહેતા. નૈસગિક જીવનશૈલી તેમના જીવનનો પર્યાય હતા. તેમાં લેશમાત્ર કૃત્રિમતા નો હતી.

આજે, 2026 માં ચિત્ર કેવું છે? આધુનિક ટેકનોલોજી અને આર્ટીફિશિયલ ઈન્ટલીજન્સ એ નૈસર્ગિકજીવનને છીનવી લીધું છે. 'માણસ' મશીન બની ગયો છે! રોબૅટના રવાડે ચડી, મૌલિકતાને ગિરવે મૂકી દીધી છે! ગાડા, ગાયબ છે! મર્સિડીસ હાજર છે! વિશ્વગુરુના સ્વપ્નાં જોઈએ છીએ. મેટ્રો અને બુલેટ ટ્રેન વાસ્તવિક્તા છે.

તારાઓને ઢાંકી દેતી કૃત્રિમ રોશની. મંદિરોમાં ભવ્ય લાઈટ શૉ અને આતીશબાજી. પ્રભુને છપ્પન ભોગ. ચહેરા પરની કરચલીઓ દૂર કરવા પ્લાસ્ટીક સર્જરી. પ્રાકૃતિક ટાલ પર ફરી વાળ ઉગાડવા સ્કીન સર્જરી. પ્રાકૃતિક સુંદરના VS કૃત્રિમ સુંદરતા! તે માટેની આંધળી દોડ અને સ્પર્ધા!!

ઢાળેલા ખાટલાનું સ્થાન એ.સી. બેડરૂમે લઈ લીધું છે. માટીના માટલાનું સ્થાન આર.ઓ. અને ફ્રીઝે લીધું છે. શાકભાજી અને ફળોમાંથી કુદરતી ખુશ્બુ અને મીઠાશનું બાષ્પીભવન થઈ ગયું છે. પ્લાસ્ટીકના ચોખા સ્વાદિષ્ટ લાગે છે! કેળાનાં પાનમાંથી બનતાં વટાણાં મીઠાં લાગે છે! જીવન જરૂરિયાતની તમામ ચીજ વસ્તુઓ ઓનલાઈન ઉપલબ્ધ છે. કેટ કેટલી સુવિધા અને સુગમતા?

માનવે અસાધારણ બુદ્ધિ! આવડત અને કૌશલથી અદ્દભુત શોધો કરી, પ્રગતિ કરી. જે અવિરત ચાલુ જ છે. હવે AI અને ચેટબોટે. માનવજીવનનો ભરડો લીધો છે. આખરે ટેકનોલોજીનો ઉદ્દેશ, માનવજીવનની ગુણવત્તા સુધારવાનો હતો, એજ ટેકનોલોજીએ માનવજીવનને સંપૂર્ણ કૃત્રિમ, આભાસી બનાવી દીધું છે.!

આજે આપણે, જીવનને માણતા નથી, મેનેજ કરીએ છીએ. આપણે અંદરથી ખોખલા બનવા માંડ્યા છીએ. પરનિર્ભર બનવા માંડ્યા છીએ! કોફી હાઉસમાં, કોફીની ચૂસ્કી લેતાં યુવક - યુવતી કોફીને માણવાને બદલે કૃત્રિમ હાસ્ય સાથે સેલ્ફીને માણે છે! કોફી ગૌણ છે, સેલ્ફી મહત્વની છે! સાથે બેસવું ગૌણ છે, મોબાઈલમાં ખોવાઈ જવું મુખ્ય છે! પોતાનું ખાલીપણું ભરવાની એક કૃત્રિમ પ્રક્રિયા એટલે સેલ્ફી!

**વિનોદ પટેલ**

> **આજે આપણે, જીવનને માણતા નથી, મેનેજ કરીએ છીએ. આપણે અંદરથી ખોખલા બનવા માંડ્યા છીએ. પરનિર્ભર બનવા માંડ્યા છીએ! કોફી હાઉસમાં, કોફીની ચૂસ્કી લેતાં યુવક - યુવતી કોફીને માણવાને બદલે કૃત્રિમ હાસ્ય સાથે સેલ્ફીને માણે છે! કોફી ગૌણ છે, સેલ્ફી મહત્વની છે!**

સંચાર માધ્યમોએ, સ્થળ, સમય અને અંતર ને ઘટાડી આપણને પ્રત્યેક ક્ષણે જોડી રાખ્યા છે. આપણું જોડાવું કૃત્રિમ આભાસી અને ડિજિટલ બન્યું છે. તેથી જીવનનો મૂળ ઉદ્દેશ જ ભૂલાઈ ગયો છે! બેડરૂમની બ્લ્યૂ રોશનીએ લઈ લીધું છે. સોશિયલ મીડિયા પર મળતી ' લાઈક્સ ' મિત્રતાનો પર્યાય બની ગઈ. છે! AI ચેટબોટ ચોવીસ કલાક આપણો સાથ નિભાવવા કટીબધ્ધ અને કમિટેડ છે. AI આપણી ભાવનાઓને ઓળખવાનો ડોળ કરે છે., સહાનુભુતિ દર્શાવે છે અને તે ક્યારેય આપણી ટીકા નથી કરતું. તેથી જ્યારે આપણે લાંબા સમય સુધી AI સાથે ભાવનાત્મક રીતે જોડાઈએ છીએ ત્યારે આપણને વાસ્તવિક વ્યકિત સાથેના સબંધો કંટાળાજનક અને મુશ્કેલ લાગવા માંડે છે. આપણે ' પેરા સોશિયલ ' બની જોઈએ છીએ. આપણી લાગણી, સંવેદના, સહાનુભૂતિ, પ્રેમ, દુઃખ, આનંદ વગેરેને બીકાઉ ચીજ માનીને તેને ' ઈમોજિસ ' દ્વારા વ્યક્ત કરવામાં ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

આપણે આપણી પ્રાકૃતિક્તા, મૌલિક્તા, સર્જનાત્મકતા, સમજણ, ડહાપણ વગેરેની આસપાસ, આભાસી, કૃત્રિમતાની મજબૂત દિવાલ ચણી લીધી છે! અને તેનો આભાસ જ આપણને સાચો, વાસ્તવિક લાગે છે.

પશુઓ, પક્ષીઓ, વનસ્પતિઓ, કુદરતની વધુ નજીક છે તેથી કેટલાં નિર્દોષ, નચિંન્ત અને નિર્ભાંત છે?! શાંત જંગલો, ખળ ખળ વહેતી નદીઓ, અચલ પહાડો, સ્થિર સાગર વગેરેનો સ્પર્શ આપણે મોબાઈલમાં કરીએ છીએ અને વર્ચુઅલ રિયાલિટીને માણીએ છીએ!

થોડા ઘીમાં પડી, જિંદગીને સાચા- અર્થમાં માણવાને બદલે, બધું જ ઈન્સ્ટન્ટ મેળવવા અધીરાં બન્યાં છીએ. ઈન્સ્ટન્ટ કોફી, ઈન્સ્ટન્ટ નાસ્તો - ભોજન, ઈન્સ્ટન્ટ સૌંદર્ય, ઈન્સ્ટન્ટ સફળતા, ઈન્સ્ટન્ટ પ્રેમ.......

ઈન્સ્ટન્ટ ક્ષણિક રાહત આપે છે. સુખની અનુભૂતિ કરાવે છે. કદાચ સૂખની ચરમસીમા એ પહોંચાડે છે. પરંતુ તે લાંબાગાળાની તૃપ્તિનો અહેસાસ કરાવતી નથી.

ખડીયાની સહીથી પ્રેમપત્ર લખવામાં જે આનંદ આવતો તે ટેક્ષ મેસેજ થી આવે ખરો? હસ્તાક્ષરો, તમારા આંતિરક ભાવોને પ્રગટ કરે છે. મેસેજના ફોન્ટ, આંતરિક ભાવોને પ્રગટ નથી કરતાં. આપણે કૃત્રિમતાના શિકાર બની ગયા છે. ગુલામ બની ગયા છીએ. વળી આ કૃત્રિમતા આપણને વ્હાલી લાગે છે. કૃત્રિમ ખોરાક કૃત્રિમ સૌંદર્ય કૃત્રિમ સંબંધો, કૃત્રિમ સંવેદના કૃત્રિમ નીતિમતા અને બાકી હતું તે કૃત્રિમ બુદ્ધિમત્તા!! બધું જ કૃત્રિમ અને આભાસી !! કયાં છે જીવનની સાચી સુગંધ ? ક્યાં છે સાચા સંબંધોની સુવાસ ? ક્યાં છે મૌલિકતાનો અહેસાસ! જીવ ને શિવ, સાર અર્થે જોડે એવું જીવન હવે ક્યાં છે? શું 'શિવ' પણ. કૃત્રિમ હશે! માણસે, જીવનને બિઝનેશ બનાવી દીધું છે! ધાર્મિક ક્રિયાકાંડો પણ..

તેથી કૃષ્ણદવે લખે છે : ''પતંગિયાની પાંખો કાપે, માણસ છે, બિઝનેસ કરે છે! ઝાકળ પણ પાઉચમાં આવે, બિઝનેશ કરે છે!''

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### લગ્ન વ્યક્તિની અંગત બાબત છે

તાજેતરમાં સૈફ અલીખાન તથા કરીના કપૂર(ખાન)ના સુરત આગમન વેળાએ કેટલાંક લોકોએ વિરોધ કર્યો. સાંભળ્યા મુજબ આ વિરોધ તેમના આશરે 15 વર્ષ પહેલાં થયેલા લગ્નના કારણે હતો. બાકી સૈફ કરીના તેમનાં બાળકો સાથે સુખી દાંપત્યજીવન માણે છે. ભારતમાં આંતરધર્મી લગ્નોનો ઈતિહાસ જૂનો છે. જોધાબાઈ રાજા અકબર, અરુણા, આસિફ અલી, નરગીસ, સુનિલ દત્ત, હાલનાં ઉદાહરણોમાં બી.જે.પી.ના નેતાઓ રેણુ, સૈયદ શાહ નવાઝ હુસેન, સીમા, મુખતાર અબ્બાસ નકવીને ગણાવી શકાય. લગ્ન વ્યક્તિની અંગત બાબત છે. રાજસત્તાઓ પણ વ્યક્તિઓ પર હકૂમત કરી શકે, તેમના હૃદય પર હકૂમત કરી ન શકે, લગ્નના ઈતિહાસમાં એક વિશેષ વ્યક્તિનો ખાસ કિસ્સો પણ નોંધાયેલો છે. આપણે જાણીએ છીએ કે બ્રિટિશ હકૂમતના હદ વિસ્તાર કે સામ્રાજ્યમાં કદી સૂર્યાસ્ત થતો ન હતો તેવા બ્રિટિશ રાજઘરાનામાં લગ્ન બાબતે નિયમ હતો કે રાજકુંવર ફકત રાજવી કુટુંબમાં લગ્ન કરી શકે. અન્યથા રાજગાદીનો હકદાર બની ન શકે. અંગ્રેજ સલ્તનતના રાજા પાંચમાએ રાજવી કુટુંબના લગ્નના નિયમનો ભંગ કરી રાજવી કુટુંબ બહાર પોતાની પ્રેમિકા જોડે લગ્ન કરેલ અને રાજગાદીનો ત્યાગ કરેલો. વળી એક સમારંભમાં શ્રોતાઓને સંબોધન વેળાએ કહેલું કે તમારા કરતાં હું ભાગ્યશાળી છું કે જે મારી પત્નીને કહી શકું છું કે 'તારા માટે તો મેં રાજગાદીનો ત્યાગ કરેલો છે.

**સુરત - અબ્દુલ્લા એ. હાફેઝજી**

### હે રામ

30 જાન્યુ, 1948ના દિવસે ગોડસેએ ગાંધીજીની હત્યા કરી તે દુઃખદ ઘટનાને 77 વર્ષ પૂરાં થયાં. ગાંધીજીની હત્યા થઈ પણ તેમની વિચારધારાની હત્યા કદી થઈ શકશે નહિ. દ.આફ્રિકાથી 1915માં પાછા ફર્યા બાદ ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી દેશને મુકત કરવા દેશવ્યાપી આંદોલન શરૂ કર્યું. મહાવીરની અહિંસા, બુદ્ધની કરુણા અને ઈસુનો પ્રેમ- આ ત્રણ ગુણોનો સંગમ તેમના જીવનમાં હતો. તેઓ કહેતાં કે 'સત્ય સિવાય મને બીજું કોઈ રાજકારણ આવડતું નથી. પૂજ્ય બાપુ માનવીય સદ્દગુણો માટેનાં મુખ્યત્વે 7 ભયસ્થાનો દર્શાવે છે. 1. કામ કર્યા વિનાની કમાણી 2. આત્મશુદ્ધિ વિનાનો મોજ શોખ 3. ચારિત્ય વિનાની જ્ઞાનપ્રાપ્તિ 4. નીતિ વિનાનો વેપાર 5. માનવતા વિનાનું વિજ્ઞાન 6. ત્યાગ વિનાનો ધર્મ 7. સિદ્ધાંત વિનાનું રાજકારણ. તેમના પ્રેરણાદાયક વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે. 1. જીવનમાં કયારેય કોઈની હિંસા ન કરો. 2. સંતુલિત અને સંયમિત જીવન જીવો. 3. સાદું જીવન જીવો અને ઉચ્ચ વિચારો રાખો. દેખાડો ન કરો, સરળ બનો. 4. આત્મનિર્ભર બનીને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ શકે છે. 5. લાચાર, નિરાધાર અને વૃદ્ધોની સેવા કરો. 6. નમ્ર બનો અને ગુસ્સા પર નિયંત્રણ રાખો. 7. તમારી જાતને શોધવાનો શ્રેષ્ઠ માર્ગ છે. બીજાઓની સેવામાં ખોવાઈ જાય 8. આંખના બદલામાં આંખના ન્યાયે તો આખું જગત અંધ બની જશે. તેઓ કહે છે કે 'હું જયારે ઘોર નિરાશા અનુભવું છું ત્યારે યાદ કરું છું કે ઈતિહાસમાં સદાય વિજય સત્ય અને પ્રેમનો જ થયો છે. જુલ્મી શાસકોનો અંતે તો વિનાશ જ થાય છે. ગાંધીના વિચારો આજકાલ માત્ર મુઠ્ઠીભર ચિંતકો-વિચારકો પૂરતા જ સીમિત થઈ ગયા છે! તેમની હત્યા બાદ આઈન્સ્ટાઈને અનન્ય આદરભાવ વ્યક્ત કરતાં કહ્યું હતું કે 'આવનારી પેઢી ભાગ્યે જ વિશ્વાસ કરશે કે આવો લોહી-માંસનો બનેલો કોઈ માણસ આ ધરતી પર ચાલ્યો હતો.'

**યુ.એસ.એ - કિરીટ ડુમસિયા**

### સરકારી યોજનાનો લાભ મેળવવા માટે રજૂ કરવાના પુરાવા

સરકાર શ્રી તરફથી જુદી જુદી યોજનાઓ માટે લાભ મેળવવા માટે અરજદારો પાસેથી અનેક પ્રકારના પુરાવાઓ માંગવામાં આવે છે. વર્ષો પહેલા માનવીના રહેઠાણના અને સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજ મેળવવા માટેના પુરાવા તરીકે રેશનકાર્ડ માન્ય ગણવાની પ્રથા ચાલી આવેલ. ત્યારબાદ દરેક બાબતમાં પરિવર્તન આવતા લાઈટબીલ, વેરાબિલ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ અને છેલ્લા કેટલાક વર્ષોથી આધારકાર્ડ ફરજિયાત ઓળખ ના પુરાવા તરીકે રજૂ કરવામાં આવે છે. તેમ છતા અન્ય પુરાવા રજૂ કરવાનો આગ્રહ રાખવામાં આવે તે યોગ્ય જણાય તેમ નથી . કેમ કે સરકાર તરફથી જ સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે કે "રેશન કાર્ડ" ફક્ત રાશન મેળવવા માટે જ માન્ય ગણાશે. ચૂંટણી કાર્ડ ફક્ત મત આપવા માટે જ ઉપયોગમાં લેવાનો રહેશે. રેશન કાર્ડ ફક્ત રાશન મેળવવા માટે રજૂ કરવાનો આગ્રહ રાખવામાં આવે તો ખરેખર અનાજ મેળવવા જેઓ હકદાર છે તેઓ ને જ અનાજ આપી શકશે એટલે જેઓ ખરેખર ગરીબી રેખા નીચે જીવતા હોય અને રાશનનું અનાજ મેળવવાને પાત્ર હોય તેઓને જ રાશન કાર્ડ કાઢી આપવો પડે જ્યારે બાકીના લોકો પાસે રાશન કાર્ડ ન જ હોઈ તો કાળાબજાર થવાનો સંભવ ઓછો રહે છે. તાજેતરમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત જે પુરાવાઓ માંગવામાં આવે છે તે પુરાવો અને ૨૦૦૨ની મતદાર યાદી સાથે માપિંગ કરવામાં આવે છે એટલે સાચા મતદારોના નામ કમી ન થાય તે જોવાનું રહેશે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ નો મુખ્ય હેતુ સાચા મતદારોના નામ કમી ન થાય તે અને ખોટા નામો દાખલ ન થાય તે છે. મોંઘવારીના જમાનામાં સામાન્ય કે ગરીબ અને ધનવાન પુરાવા સાચવવાં મા જ જીંદગી પુરી થઈ જાય. માણસની ઓળખ અને રજૂ કરવાના પુરાવા તરીકે એક જ "કાર્ડ"હોવો જોઈએ કે જેમાં બધી વિગતો આવી જાય.

**સુરત - ચંદ્રકાંત રાણા**

### દીકરીને બહાદુર બનાવો

1લી ફેબ્રુ.ના 'ગુજરાતમિત્ર'ના અહેવાલ મુજબ એક માતાએ દીકરીની છેડતી કરતા રોમિયોને બરાબર પાઠ ભણાવ્યો જે પ્રશંસનીય ગણાય. આવા રોડ સાઈડ રોમિયોને પાઠ ભણાવવો જરૂરી જેથી અન્ય રોમિયાઓ આવી હરકત કરતાં સો વાર વિચાર કરે અને દીકરીઓને પણ સ્વસુરક્ષાના પાઠ ભણાવવા આવશ્યક જેથી છેડતીનો ભોગ ન બનાય અને એ બહેનની વાત સાચી જ છે! દરેક જગ્યાએ માતાપિતા દીકરીની સુરક્ષા માટે હાજર ન જ રહી શકે. શાળાએ, ટ્યુશન પર કે અન્ય સ્થળે દીકરીઓએ એકલાં જવું જ પડે ત્યાં આવા રોમિયો રંજાડવા આવે તો સ્વયં સુરક્ષા કરવી જ રહી. ડરી જવાથી એવા રોમિયોની હિંમત વધી જાય અને વધુ કનડગત કરવાની હિંમત કરે એના કરતાં હિંમતથી સામનો કરી આજુબાજુનાં લોકોને એકત્રિત કરવા વધુ હિતાવહ રહેશે. દીકરીઓને બહાદુર બનાવવાની જરૂર છે.

**સુરત - નેહા શાહ**

### શ્રીનાથજીની ચોથી આરતી પછી પ્રસાદ માટેની પડાપડી

આપણે ત્યાં પ્રત્યેક ઉત્સવ સાથે સ્થાન અને સમય, સમય પણ માનવ સર્જિત યંત્ર (ઘડિયળ/કેલન્ડર) નહીં પણ અનંત અવકાશમાં સતત અને નિયમિત ગતી કરતા ગ્રહ અને નક્ષત્ર ના સ્થાન અનુસાર. આમાંનો એક ઉત્સવ છે શ્રીનાથજીમાં ઉજવાતો શ્રીનાથજી પાટોત્સવ, જે આંગ્લ દિનાંક આઠમી ફેબ્રુઆરીએ દર્શાવાયો છે. પ્રાસંગિક ઉત્સવ વિશે અચાનક જ ધ્યાન ગયુ ત્યાંની પરંપરા ઉપર. અન્નકૂટ/છપ્પન ભોગની વાતો તો ઠીક છે પણ મહત્વની વાત એ છે ચોથી આરતી પછી દર્શન માટે આવેલા ભીલ સમાજની અન્નકૂટના પ્રસાદ મેળવવા માટેની પધ્ધતિ માટે વપરાતા શબ્દની. સ્વભાવિક વાત છે પૂજારીઓ કે સંતો દ્વારા પ્રસાદની ઉછામણી થતી હોય છે અને આ મેળવવા શ્રધ્ધાળુઓ વચ્ચે પડાપડી થતી હોય છે. પરંતુ શ્રીનાથજીની ચોથી આરતી પછી પ્રસાદ માટે ભીલ સમાજ દ્વારા પડાપડી થવા માંડે છે ત્યારે અહીં આ પડાપડી કે જેના દ્વારા એ ભીલ સમાજમાં રહેલી શૌર્ય વૃત્તિ પ્રગટ થતી હોય છે, ત્યાં વર્તમાનમાં પડાપડીના સ્થાને 'લૂંટ' શબ્દ વપરાય છે. જે ભીલ સમાજ માટે ત્યાં એક લોકોક્તિ છે, રાણી જાયો : ભીલી જાયો ભાઈ ભાઈ શું આવી આત્મીયતા ધાર્મિક પ્રસંગે અજુગતી પરિસ્થિતિ ઊભી કરી શકે? તાર્કિક રીતે વિચારવા જેવુ એ પણ છે કે જો લૂંટ જ કરવી હોય તો ચોથી આરતી લગી કોની પ્રતિક્ષા કરવાની? મિત્રો, મધુરાધીપતિ તો અખિલ જ મધૂર છે, તો પછી ખરે ટાણે ક્રૂર તો નહીં જ બને ને!

**સુરત - ચેતન સુશીલ જોષી**